અપીલ અરજી નં.૨૫ તા.૨૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૩–૩–૧૦ની અરજીથી(૧) હરિઓમ ઈન્ડ. સોસાયટી વિ.૧,૨ માં તૈયાર થયેલ તથા તૈયાર થઈ રહેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામો મંજૂર પ્લાન મુજબના છે અને કેટલા બાંધકામો મંજૂર પ્લાન વિરૂધ્ધના છે? મંજુર પ્લાન વિરૂધ્ધ ના બાંધકામો સામે છેલ્લા છ માસમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપશો. (૨) હરિઓમ ઈન્ડ. સોસાયટીમાં કુલ કેટલા સી.ઓ.પી. પ્લોટ છે? આ પ્લોટ હાલમાં ખુલ્લા છે કે બાંધકામ થયેલા? જો બાંધકામો થયેલા હોય તો ગેરકાયદે ઉભા થયેલ આ બાંધકામો વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૫/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૩–૩–૧૦ની અરજીથી (૧) હરિઓમ ઈન્ડ. સોસાયટી વિ.૧,૨ માં તૈયાર થયેલ તથા તૈયાર થઈ રહેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામો મંજૂર પ્લાન મુજબના છે અને કેટલા બાંધકામો મંજૂર પ્લાન વિરૂધ્ધના છે? મંજુર પ્લાન વિરૂધ્ધ ના બાંધકામો સામે છેલ્લા છ માસમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપશો. (૨) હરિઓમ ઈન્ડ. સોસાયટીમાં કુલ કેટલા સી.ઓ.પી. પ્લોટ છે? આ પ્લોટ હાલમાં ખુલ્લા છે કે બાંધકામ થયેલા? જો બાંધકામો થયેલા હોય તો ગેરકાયદે ઉભા થયેલ આ બાંધકામો વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૫ તા.૩–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૬૫ તા.૧૦–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૨૧૨ તા.૧૨–૪–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૩–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગવામાં આવેલ. જે માહિતી દિન–૩૦ માં પ્રતિભાવ નહીં મળવાના કારણે અરજદારે તા.૨૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.સા.ઝોન/ટેક./આ.નં.૨૧૨ તા.૧૨–૪–૧૦ થી અરજદારને આપવામાં આવેલ છે. (૧) હરિઓમ ઈન્ડ. સોસાયટી વિ.૧,૨ માં તૈયાર થયેલ તથા તૈયાર થઈ રહેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામો મંજૂર પ્લાન મુજબના છે અને કેટલા બાંધકામો મંજૂર પ્લાન વિરૂધ્ધના છે? મંજુર પ્લાન વિરૂધ્ધ ના બાંધકામો સામે છેલ્લા છ માસમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હરીઓમ ઈન્ડ. સોસા. વિ–૧ તથા વિ–૨ માં સુડા ધ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબ અનુક્રમે કુલ ૨૧૮ તથા ૪૧૯ પ્લોટોમાં બાંધકામો મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી છેલ્લા ૬ માસમાં ઝોન કચેરીએથી એક મિલ્કતમાં કારણ દર્શક નોટીસ તથા મનાઈ હુકમ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૨) હરિઓમ ઈન્ડ. સોસાયટીમાં કુલ કેટલા સી.ઓ.પી. પ્લોટ છે? આ પ્લોટ હાલમાં ખુલ્લા છે કે બાંધકામ થયેલા? જો બાંધકામો થયેલા હોય તો ગેરકાયદે ઉભા થયેલ આ બાંધકામો વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હરીઓમ ઈન્ડ. સોસા. વિ–૧ તથા વિ–૨ માં સુડા ધ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબ અનુક્રમે કુલ ૨ તથા ૪ સીઓપી મંજુર કરવામાં આવેલ છે. તે સિવાયથી કોઈ વિગત રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,